Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai
Conducted
MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI

Website : jaineducationboard.org E-mail : jainshikhshanboard@gmail.com

# ૬ જાન્યુઆરી ૨૦૧૯ - મહિલામંડળ - ઉત્તર પત્ર - ગુણ - ૧૦૦

## શ્રેણી – ૯

**પ્રશ્ન૧ પાંચ જ્ઞાનના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(ક) નીચેના પ્રશ્નોનો ઉત્તર લખો.** **(૧૦)**

૧. અવધિજ્ઞાના વરણીય કર્મના ક્ષયોપશમથી આત્મા દ્વારા (ઇન્દ્રિય અને મનની સહાયતા વિના) રૂપી દ્રવ્યોને જાણનારું જે મર્યાદિત યથાર્થ જ્ઞાન તેને અવધિજ્ઞાન કહે છે (૨)

૨. કેવળજ્ઞાન આવરણ રહિત વિશુધ્ધ, લોકાલોક પ્રકાશક, એક જ પ્રકારે સર્વે કેવળીને હોય. (૧)

૩. દ્વાદશાંગી સિધ્ધાંત આચાર્યની પેટી (ગણિ પિટક) સમાન છે. (૧)

૪. ભગવાનના શ્રીમુખેથી તેમના ચાર બુધ્ધિવાળા શિષ્યોએ જે અર્થ સાંભળીને જે રચના કરી છ તે પઈન્ના છે. તે કાલિક સૂત્ર છે. (૧)

૫. શ્રુતનિશ્રિત મતિ જ્ઞાનના ચાર ભેદ છે. (૨)
(૧) અવગ્રહ- ગ્રહણ કરવું (૨) ઇહા- વિચારવું. (૩) અવાય - નિર્ણય કરવો. (૪) ધારણા-જ્ઞાનને ધારણ કરવું.

૬. જે અવધિજ્ઞાન હિયમાન કે વર્ધમાન ન હોય તેને અવસ્થિત કહે છે. (૧)

૭. બુધ્ધિ ચાર પ્રકારની છે. (૨)
(૧) ઔત્પાતિકા બુધ્ધિ (૨) વૈનયિકા બુધ્ધિ (૩) કાર્મિકા બુધ્ધિ (૪) પારિણામિકા બુધ્ધિ

**(ખ) એક શબ્દમાં જવાબ આપો.** **(૫)**

૧. આવશ્યક વ્યતિરિકત
૨. પાશ્વંર્ત અંતઃગત અવધિજ્ઞાન
૩. વ્યંજન અક્ષરશ્રુત અવધિજ્ઞાન
૪. સયોગી ભવસ્થ કેવળજ્ઞાન
૫. અવધિજ્ઞાન
૬. મનઃપર્યવજ્ઞાન
૭. કેવળજ્ઞાન
૮. પરોક્ષ જ્ઞાન
૯. ઈહા
૧૦. ઝાલરને આકારે

**(ગ) ખાલી જગ્યા પૂરો** **(૩)**

૧. પ્રત્યક્ષ
૨. સંજ્ઞા
૩. મનઃપર્યવજ્ઞાન
૪. કારણ, કાર્ય
૫. મનઃપર્યવજ્ઞાન
૬. સમ્યક શ્રુત

**(ઘ) જોડકા જોડો** **(૨)**

૧. મતિજ્ઞાન
૨. મનઃપર્યવજ્ઞાન
૩. અવધિજ્ઞાન
૪. ગમિક શ્રુત

**(ચ) ટૂંકમાં જવાબ લખો.** **(૧૦)**

**૧.** સંપૂર્ણ (અનંત) આકાશ પ્રદેશોની સંખ્યાને સંપૂર્ણ આકાશ પ્રદેશની સંખ્યા સાથે અનંતવાર ગુણાકાર કરવાથી શ્રુતજ્ઞાનની અનંત અગુરલઘુ પર્યાય અક્ષર થાય છે. અક્ષર એટલે જે ક્ષય થાય નહિ તેવું જ્ઞાન તે કેવળજ્ઞાન. તેવા કેવળજ્ઞાનની અનંત પર્યાય છે તે પર્યાયના અનંતમાં ભાગનું જ્ઞાન દરેક જીવને ઓછામાં ઓછું પ્રગટ રહે છે. નિગોદમાં પણ તેટલો અનંતમો ભાગ પ્રગટ રહે જ છે. (૩)

**૨.** દ્વાદશાંગી સિધ્ધાંત આચાર્યની પેટી (ગણિ પિટક( સમાન છે પાંચ મહાવિ દેહ ક્ષેત્ર અપેક્ષાએ તે દ્વાદસાંગી ધ્રુવ છે. નિત્ય છે, શાશ્વત છે, અક્ષર છે, અવ્યય છે, અવસ્થિત છે. શ્રુત જ્ઞાનની આરાધના કરી ભુતકાળે અનંત જીવો સંસાર દુઃખથી મુક્ત થયા છે. વર્તમાનમાં સંખ્યાતા જીવો મુક્ત થઈ રહ્યા છે. ભવિષ્યકાળે અનંત જીવો મુક્ત થશે. (૨)

૩. તે પ્રશસ્ત લેશ્યાના અધ્યવસાયે કરી તથા વિશુદ્ધ ચારિત્રતા પરિણામે કરી, સર્વ પ્રકારે અવધિજ્ઞાનની વૃદ્ધિ થાય. તેને વર્ધમાન અવધિજ્ઞાન કહે છે. જે અવધિજ્ઞાન પૂર્વે અલ્પવિષય વાળું હોય અને પરિણામની વિશુધ્ધિ સાથે પ્રશસ્ત અધ્યવસાયથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વિષયોની મર્યાદામાં વધારે થાય તે વર્ધમાન અવધિજ્ઞાન. (૩)

૪. ચારે જાતિમાં દેવોના અવધિજ્ઞાનના સંસ્થાન :-
નારકીને - ત્રાપાને આકારે ભવનપતિ - પાલાને આકારે મનુષ્ય, તિર્યંચ - વિવધ આકારે
વ્યંતરને - પટહ (ઢોલ) વાજિંત્રને આકારે.
જ્યોતિષીને - ઝાલરને આકારે.
બાર દેવલોકના દેવ - ઊર્ધ્વ મૃદંગને આકારે.
નવ ગ્રેવેયકના દેવ - ફૂલની ચંગેરી ને (ટોપલી, ગુચ્છો) આકારે પાંચ અનુત્તર વિમાનના દેવ - જવનાલિકા, કન્યાની કંચૂકીને આકારે.

**પ્રશ્ન-૨ ચાર કષાયનાં આધારે જવાબ લખો.** **(૧૦)**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** (૮)

**૧.** કષાયના દળિયા ૬ છે ચણિયા, ઉપચણિયા, બાંધ્યા,ઉદીરણા, વેદ્યા, નિર્જર્યા.

**૨.** કષાયના કુલ ભાંગા ૩૪૦૦

૩. ક્રોધનાં ૪ પ્રકાર છે.
અનુતાનું બંધી - સમકિતની ઘાત કરે તેવો ક્રોધ.
અપ્રત્યાખ્યાનાવરણીય દેશવિરતિ (શ્રાવકગુણ)ની ઘાત કરે તેવો.
પ્રત્યાખ્યાનાવરણીય - સર્વવિરતિ (સાધુગુણ) ની ઘાત કરે તેવો.
સંજ્વલની - યથાયખ્યાત ચારિત્ર ગુણની ઘાત કરે તેવો.

**૪.** જે માન સ્વયં અને બીજા એમ બંને થાય તે તદુભય પ્રતિષ્ઠિત

**૫.** જે લોભ શરીરને કારણે થાય તે શરીર.

**(ખ) જોડકા જોડો.** (૨)

(ક) અનુપશાંત
(ડ) વત્થુ
(ગ) આત્મ પ્રતિષ્ઠિત
(બ) ઉપશાંત

**પ્રશ્ન. ૩ ચાર ધ્યાનના આધારે જવાબ લખો.** **(૧૫)**

**૧.** આલંબન એટલે ધ્યાનને પ્રાપ્ત કરવા કેવી આરાધના કરવી, કેવા ગુણ ધારવા શેનો આધાર લેવો તે.

**૨.** ચાર ધ્યાન જ્ઞેય છે. પ્રથમ બે ધ્યાન હેય છે અને અંતિમ બે ધ્યાન ઉપાદેય છે. આર્ત ધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુકલધ્યાના જ્ઞેય છે. આર્તધ્યાન રૌદ્રધ્યાન હેય છે. ધર્મ ધ્યાન, શુકલધ્યાન ઉપાદેય છે.

૩. મિથ્યાત્વી નારકી અને દેવમાં બે ધ્યાન હોય આર્તધ્યાન અને રૌદ્રધ્યાન

४. અજવે - સરળતા, માયાનો વિજય
મદવે - નમ્રતા, માનનો વિજય.

**५.** આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી નરક અને તિર્યંચગતિ મળે.

**६.** શુક્લધ્યાનના ચાર પાયા છે. પૃથકત્વ - વિતર્ક - સવિચાર - એકત્વ - વિતર્ક - નિર્વિચાર સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ, સંમુર્ચ્છિની ક્રિયા અનિવૃત્તિ

**७.** ધર્મધ્યાનના ચાર લક્ષણ છે.
આજ્ઞારુચિ. વીતરાગની આજ્ઞામાં શ્રધ્ધા, રુચિ થવી.
નિસર્ગ રૂચિ - કોઈના ઉપદેશ વિના સ્વભાવથી ધર્મમાં શ્રધ્ધા રુચિ થવી.
ઉપદેશ રુચિ - ધર્મ સાંભળવાથી શ્રધ્ધા રુચિ થવી
સૂત્ર - રુચિ - આગમ પ્રત્યે શ્રધ્ધા રુચિ થવી.

८. આર્તધ્યાન - ૧ થી ૬ ગુણસ્થાન
રૌદ્ર ધ્યાન - ૧ થી ૫ ગુણસ્થાન
ધર્મધ્યાન - ૪ થી ૭ ગુણસ્થાન
શુકલધ્યાન - ૯ થી ૧૪ ગુણસ્થાન

**९.** લક્ષણ એટલે જેનાથી ઓળખ થાય તેવું લિંગ કે ચિહ્ન

**પ્રશ્ન. – ૪ સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો** **(૧૦)**

૧. પાણી અચેત કરવાના શસ્ત્ર ૨૧ પ્રકારના છે.
૨. કેરીનું ધોવણ, (૨) અંબાણનું ધોવણ (૩) કોઠીંબડાનું ધોવણ (૪) બીજોરાનું ધોવણ (૫) દ્રાક્ષનું ધોવણ
૩. સામાયિક વ્રત, દેશાવગાસિક વ્રત, પૌષધવ્રતમાં શ્રાવકે બાથરૂમ-સંડાસનો ઉપયોગ કરવાનો હોતો નથી.
૪. અશુચિ ત્યાગ કરવા જતાં 'આવસ્સહિ' ૩ વાર બોલવું.
૫. પરઠતાં પહેલાં શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા લેવાય છે. ત્યારે 'અણુજાણહ' ત્રણ વાર બોલાય છે.
૬. નિન્હવ એટલે મહાવીર સ્વામી વચન વિરાધક
**૭.** પ્રતિકૂળ ભોજન અશાતા આપી શકે. પણ જાગૃત આત્માને અશાંતિ ન કરાવી શકે.

**પ્રશ્ન. – ૫ કથાના આધારે જવાબ લખો.** **(૧૦)**

૧. દેવે ભગવાન મહાવીરને મહામાહણ, અપ્રતિહત જ્ઞાન-દર્શનના ધારક, ત્રૈલોક્ય દીપક, અરિહંત, જિન, કેળવી, સર્વજ્ઞ, સર્વદશી વગેરે ઉપમાઓ આપી છે. (૨)
૨. ગોશાલક ને અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન હતું. તેઓ લાભ,અલાભ,, સુખ દુઃખ, જીવન અને મરણના વિષયના સત્ય ઉત્તર આપતા હતા. (૨)
૩. સકડાલપુત્રે ભગવાન મહાવીર સ્વામીને પોતાને ત્યાં પધારવા માટે વિનંતી કરતા કહ્યું 'હે ભગવાન! પોલાસપુર નગરની બહાર મારી ૫૦૦ કુંભકાર કર્મશાળા છે. આપ ત્યાં પ્રતિહારિક પીઠ શય્યા અને સંસ્તારક આદિ ગહણ કરીને બિરાજો ! (૨)
૪. બહુપુત્રિકાદેવીએ પોતાની લબ્ધિ બતાવવા પોતાની જમણી ભુજા ફેલાવી જમણી ભુજા લાબી કરી ૧૦૮ દેવકુમારોની રચના કરી. ડાબી ભુજા લાંબી કરી ૧૦૮ દેવકુમારીઓની રચના કરી. ત્યાર પછી ઘણાં બધા નાની ઉંમરના બાલક - બાલિકાઓની વિકુવર્ણા કરી. ત્યાર બાદ વિવિધ નાટક બતાવ્યા.
**૫.** સુભદ્રા વારાણસી નામની નગરીમાં આમ્ર શાલવત નામનું ચૈત્ય હતું ત્યાં રહેતી હતી. સુભદ્રા પોતાને સંતાન ન હોવાથી સંતાન પ્રાપ્તિની ઇચ્છાને કારણે સતત આર્તધ્યાનમાં રહેતી હતી.

**પ્રશ્ન – ૬ કાવ્ય આધારે જવાબ લખો.** **(૧૦)**

૧. એક એક મુનિવર રસના ત્યાગી
એક એક જ્ઞાન ભંડાર રે પ્રાણી,
એક એક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી
તેના ગુણનો નાવે પાર રે પ્રાણી

૨. સાધુજી સત્તાવીશ ગુણે કરી સહિત બાવીસ પરિષહને જીતનાર,
બાવન અનાચારના ટાળનારા છે માટે તેમને
શિશ નમાવીએ છીએ. ગાથા પણ લખવાની.

૩. ક્રોધને દૂર કરવા ક્ષમાની ઢાલ રાખવાની છે ? તેની માટે કોઈ ગાળ દે તો પ્યાર આપવાનો અને પોતાની શક્તિ હોવા છતાં સમતા રાખવાની છે.

૪. અશક્તિ અને આસકિત સંસારમાં રોકી રાખે છે.
સંસાર છોડવા દીક્ષા લેવાની છે.

૫. મુઝે સુખ કી કોઈ પરવાહ નહિં,
દુઃખ મેં ભી નિકલે ચાહ નહિં,
બસ એક તેરા ધ્યાન હો,
હોઠો પર તેરા નામ હો.

**પ્રશ્ન – ૭ સામાયિક - પ્રતિક્રમણના આધારે જવાબ લખો. (ક)** **(૧૫)**

૧. જેમાંથી તીર્થંકરે પ્રરૂપેલ છ દ્રવ્ય, જીવાદિ નવ તત્વમાં છોડવા યોગ્ય, જાણવા યોગ્ય અને આદરવા યોગ્ય તત્વોનું સમ્યગજ્ઞાન થાય, તેને આગમ કહે છે.
તે ત્રણ પ્રકારના છે. સુત્તાગમે, અત્થાગમે, તદુભયાગમે. (૨)

૨. શ્રાવક પાંચમાં અને સાતમાં વ્રતની મર્યાદા પોતાની જરૂરિયાત જેટલી જ કરી શકતો હોવાથી પોતે મન, વચન, કાયાથી કરું નહિં તેવા પચ્ચક્ખાણ લઈ શકે છે પણ પરિવાર આદિની જવાબદારીને કારણે પરિગ્રહ આદિ મન, વચન, કાયથી કરવું નહિં. અનુમોદું નહિં તેવા પચ્ચક્ખાણ લે તો વ્રત ભંગ થવાની શક્યતા રહેલી હોય છે. માટે ન્૧ કરણ અને ૩ યોગથી પચ્ચક્ખાણ લે છે.

૩. પાંચ મહાવ્રતની ભાવના ૨૫ છે, અતિચાર ૧૨૫ છે. (૨)

૪. જ્ઞાન, દર્શન, ચારિત્ર વડે આત્માને પોષણ આપવું તે પૌષધવ્રત છે.

૫. જે વસ્તુઓને સાધુ-સાધ્વી વહોરી લીધા પછી પાછી આપતાં નથી તેને અપાઢિચારી વસ્તુ કહે છે તે ૮ છે. જે વસ્તુઓને સાધુ-સાધ્વી વહોરી લીધા પછી પોતાના ઉપયોગમાં લઈને પાછી આપી દે છે તેને પાઢિયારી વસ્તુ કહે છે તે ૬ છે.

૬. ખમત એટલે ક્ષમા માંગુ છું ખામણાં એટલે ક્ષમા આપું છું. મિચ્છામિ દુક્કડં શબ્દમાં આપણે માત્ર ક્ષમા માંગી છે. પણ ક્ષમા આપી નથી માટે પ્રતિક્રમણના પાઠના અંતે મિચ્છામિ દુક્કડં અને એક બીજાને ખમાવતી વખતે ખમત ખામણા શબ્દ બોલવો જોઈએ.

**(ખ) અર્થ લખો.**

પન્નતે-કહ્યા છે.
સુદૃદિન્નં - રૂડું જ્ઞાન અવિનીતને દીધુ હોય.
દંસણં- દર્શન, યથાર્થ શ્રધ્ધા
સઈઅંતરધ્ધાએ- સંદેહ પડયા છતાં આગળ વધાયું હોય .

**(ગ) અર્થ લખો.**

(૧) એકવાર ભોગવાય તે - ઉવ ભોગ
(૨) કપટ સહિત જૂઠું બોલવું - માયા મોસો
(૩) સંયતિ છું - સંજય
(૪) જેમ તેમ નિરર્થક બોલવું - મોહરિએ
(૫) સંપૂર્ણ લોકમાં - લોગસ્સ (૬) નહિં આચરવા યોગ્ય - અણાયારો

**.... જય જિનેન્દ્ર ....**